મોહન ભાગવત જે ટ્રેનમાં હતા તેના પર પથ્થરમારો

બે સગીરોની અટકાયત, ત્રીજાની શોધખોળ ચાલુ

જે કોચમાં ભાગવત સવાર હતા તેના પર જ પથ્થરમારો કરાયો, બારીનો કાચ તૂટી ગયો બે સગીરોની અટકાયત કરાઈ

ફિરોઝાબાદ (ઉ.પ્ર.), તા. 12 (પીટીઆઈ): ફિરોઝાબાદ નજીક ગુરુવારે સાંજે લખનૌ-નવી દિલ્હી સ્વર્ણ શતાબ્દી એક્સપ્રેસ પર પથ્થરમારો કરવાના આરોપમાં પોલીસે શુક્રવારે બે સગીરોની અટકાયત કરી છે. આ ઘટના બની ત્યારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વડા મોહન ભાગવત પણ આ ટ્રેનમાં સવાર હતા. અધિકારીઓએ જણાવ્યું કે આ કેસમાં સામેલ ત્રીજા સગીર આરોપીની શોધખોળ કરવામાં આવી રહી છે. ફિરોઝાબાદના સિનિયર સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલીસ (SSP) આદિત્ય લાંઘેએ જણાવ્યું હતું કે, આ ઘટના ગુરુવારે સાંજે આશરે 7.20 વાગ્યે પેમેશ્વર ગેટ નજીક બની હતી. ટ્રેનના ઈ1 કોચ પર પથ્થર ફેંકવામાં આવ્યો હતો, જેના કારણે બારીનો કાચ તૂટી ગયો હતો. આ કોચમાં RSS વડા સવાર હતા, જેઓ કાનપુરથી ટ્રેનમાં બેઠા હતા. સદનસીબે તેઓ સંપૂર્ણપણે સુરક્ષિત હોવાના અહેવાલ છે.

એક વાહનને એક દિવસમાં ૨૦૦ લિટર જ ડીઝલ વેચી શકાશે

સ્થાનિક સ્તરે અછત અને સંગ્રહખોરી અટકાવવા સરકારે ટોચમર્યાદા ઠરાવી

એસ.ટી. નિગમ, મોબાઇલ ટાવર જેવા જથ્થાબંધ વપરાશકારો હવે છૂટક પેટ્રોલ પંપ પરથી ડીઝલ ખરીદી શકશે નહીં

ડીઝલ હવે માત્ર વાહનની ટાંકી અથવા PESO માન્ય કન્ટેનરમાં જ આપી શકાશે

નવી દિલ્હી, તા. ૧૨(PTI): વૈશ્વિક પુરવઠામાં અવરોધો વચ્ચે સ્થાનિક સ્તરે અછત અટકાવવાના હેતુથી સરકારે એક વાહનને દિવસમાં વધુમાં વધુ ૨૦૦ લીટર ડીઝલ વેચવાની મર્યાદા નક્કી કરી છે. આ ઉપરાંત, એક સત્તાવાર આદેશ અનુસાર ઔદ્યોગિક, વ્યાવસાયિક અને સંસ્થાકીય વપરાશકર્તાઓ પર પેટ્રોલ પંપ પરથી પેટ્રોલ અને ડીઝલ ખરીદવા અંગે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

રિટેલ આઉટલેટ્સ(પેટ્રોલ પંપ) માત્ર વાહનની ટાંકી અથવા PESO(પેટ્રોલિયમ એન્ડ એક્સપ્લોઝિવ્સ સેફ્ટી ઓર્ગેનાઇઝેશન) દ્વારા માન્ય કન્ટેનરમાં જ ડીઝલ વેચી શકશે, જે ગ્રાહક અથવા વાહન દીઠ દરરોજ ૨૦૦ લીટરથી વધુ ન હોવું જોઈએ. સાથે જ, ઔદ્યોગિક, વ્યાવસાયિક અને સંસ્થાકીય ગ્રાહકોને હવે રિટેલ આઉટલેટ્સ પરથી પેટ્રોલ કે ડીઝલ ખરીદવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

૭૬ વર્ષ પહેલાં ભારતની ટીમને ફૂટબોલ વર્લ્ડ કપમાં રમવાની તક મળી હતી

ફિફા વર્લ્ડ કપ ૧૧ જૂનથી શરૂ થઈ ગયો છે. પહેલી વાર ત્રણ દેશો અમેરિકા, મેક્સિકો અને કેનેડા સંયુક્ત રીતે આ ટુર્નામેન્ટનું આયોજન કરી રહ્યા છે, જે ૧૯ જુલાઈ સુધી ચાલશે. આ પહેલી વાર છે જ્યારે વિશ્વભરની ૪૮ ટીમો ફૂટબોલ સર્વોપરિતા માટે સ્પર્ધા કરશે, પરંતુ પાછલા સાત વર્લ્ડ કપમાં વિશ્વની શ્રેષ્ઠ ૩૨ ટીમો ભાગ લઈ રહી હતી. આનો અર્થ એ થયો કે આ વખતે વિશ્વભરના ૧૬ વધુ દેશોને વર્લ્ડ કપમાં ભાગ લેવાની તક મળી રહી છે. પાછલા વર્લ્ડ કપની ૬૪ મેચો કરતાં પણ વધુ મેચો રમાઈ રહી છે.ફિફાનો અંદાજ છે કે આ વખતે ઓછામાં ઓછા છ અબજ દર્શકો આ મેચો જોશે. તેનો અર્થ એ કે ચાર વર્ષ પહેલાં કતારમાં યોજાયેલા વર્લ્ડ કપ કરતાં એક અબજ વધુ દર્શકો આ મેચોનો આનંદ માણશે. વર્લ્ડ કપમાં વિશ્વના ચાર નાના દેશો જેવા કે કેપ વર્ડે, કુરાકાઓ, જોર્ડન અને ઉઝબેકિસ્તાનની ફૂટબોલ ટીમો પ્રવેશ કરવા જઈ રહી છે, પરંતુ ભારતીય રમતપ્રેમીઓમાં કોઈ ઉત્સાહ નથી, કારણ કે ભારત આ ટુર્નામેન્ટમાં ભાગ લઈ રહ્યું નથી.

ભારત કદાચ ક્યારેય ફૂટબોલ વર્લ્ડ કપમાં ભાગ લઈ શક્યું ન હોત, પરંતુ આજની પેઢીના બહુ ઓછાં રમતપ્રેમીઓ જાણતા હશે કે એક સમય એવો હતો જ્યારે ભારત ફૂટબોલ વર્લ્ડ કપમાં ભાગ લઈ શકે તેમ હતું. વિશ્વાસ કરવો મુશ્કેલ હોઈ શકે છે પરંતુ સત્ય એ છે કે ભારતીય ફૂટબોલ ટીમ ૭૬ વર્ષ પહેલાં એટલે કે ૧૯૫૦ માં બ્રાઝિલમાં રમાનારા વર્લ્ડ કપમાં ભાગ લેવાની હતી, પરંતુ ભારતીય ટીમ તેમાં ભાગ લઈ શકી ન હતી. બીજા વિશ્વયુદ્ધને કારણે ૧૯૪૨ અને ૧૯૪૬માં વર્લ્ડ કપ ફૂટબોલનું આયોજન થઈ શક્યું ન હતું. ૧૨ વર્ષની રાહ જોયા પછી આખરે ૧૯૫૦ માં વર્લ્ડ કપ યોજાયો. બ્રાઝિલમાં યોજાનારા વર્લ્ડ કપ માટે ક્વોલિફાઈંગ રાઉન્ડમાં ભાગ લેવા માટે ફક્ત ૩૩ દેશો સંમત થયા હતા. ભારતને બર્મા અને ફિલિપાઇન્સ સાથે ક્વોલિફાઈંગ ગ્રુપ ૧૦ માં ડ્રો કરવામાં આવ્યો હતો, પરંતુ બર્મા અને ફિલિપાઇન્સ ક્વોલિફાઈંગ રાઉન્ડમાંથી ખસી ગયા હતા. આનો અર્થ એ થયો કે ભારતની ટીમે રમ્યા વિના પણ વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કરી લીધું હતું.

ઇતિહાસ બહુ દૂર નહોતો. ભારતીય ટીમે પહેલી વાર વર્લ્ડ કપમાં પોતાનું કૌશલ દર્શાવવાની તક મેળવી હતી. જ્યારે ૧૯૫૦ના વર્લ્ડ કપ માટે અંતિમ રાઉન્ડનો ડ્રો કરવામાં આવ્યો ત્યારે ભારતને સ્વીડન, ઇટાલી અને પેરાગ્વે સાથે પુલ ૩ માં મૂકવામાં આવ્યું હતું. જો ભારતે આ ટુર્નામેન્ટમાં ભાગ લીધો હોત તો તેનું પ્રદર્શન કેવું હોત? સ્વર્ગસ્થ ફૂટબોલ પત્રકાર નોવી કાપડિયાએ વર્લ્ડ કપ ફૂટબોલ માટેની તેમની માર્ગદર્શિકામાં લખ્યું છે કે તે સમયે પેરાગ્વે ટીમ ખૂબ મજબૂત નહોતી. ઇટાલીના આઠ મુખ્ય ખેલાડીઓને અનુશાસનહીનતાને કારણે ટીમમાંથી બહાર રાખવામાં આવ્યા હતા. ટીમ એટલી ખરાબ હાલતમાં હતી કે બ્રાઝિલ પહોંચ્યા પછી કોચ વિક્ટોરિયો પોઝોએ રાજીનામું આપી દીધું. સ્વીડન ભારત કરતાં ઘણી સારી સ્થિતિમાં હતું. આ દૃષ્ટિકોણથી ભારત ગ્રુપમાં બીજા સ્થાને રહી શક્યું હોત, પરંતુ ટીમને ઉત્તમ અનુભવ મળ્યો હોત.

૧૯૫૦ના દાયકામાં ભારતીય ફૂટબોલનો આંતરરાષ્ટ્રીય સ્તરે બહુ પ્રભાવ નહોતો, પરંતુ ટીમની પ્રતિષ્ઠા સારી હતી. ભારતીય ટીમે ૧૯૪૮ના લંડન ઓલિમ્પિક ગેમ્સમાં પણ આ વાત સાબિત કરી હતી. ભારત મજબૂત ફ્રેન્ચ ટીમ સામે માત્ર ૧-૨ના માર્જિનથી હારી ગયું હતું. તે સમયે ફૂટબોલ ટીમના ફોરવર્ડ અને ડ્રિબલરોના રમતના કારણે ભારત પોતાની ઓળખ સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહ્યું હતું. અહેમદ ખાન, એસ. રમણ, એમ.એ. સત્તાર અને એસ. મેવાલલ જેવાં ખેલાડીઓને લોકોએ ખૂબ જ પસંદ કર્યા હતા. આ બધાં ખેલાડીઓ લંડન

ટુ ધ પોઇન્ટ ▪ સંજય વોરા ▪

ઓલિમ્પિકમાં ખુલ્લા પગે ફૂટબોલ રમ્યા હતા. જો કે, રાઇટ બેક પર રમતા તાજ મોહમ્મદ બૂટ પહેરીને રમતા હતા.

ભારતીય ફૂટબોલ ટીમે ૧૯૫૦ના વર્લ્ડ કપમાં ભાગ કેમ ન લીધો તેનો કોઈ સ્પષ્ટ જવાબ નથી. જો કે, ઓલ ઇન્ડિયા ફૂટબોલ ફેડરેશન (AIFF) દ્વારા આપવામાં આવેલા સત્તાવાર કારણ મુજબ ટીમની પસંદગી પર મતભેદ અને પ્રેક્ટિસ માટે પૂરતા સમયના અભાવને કારણે ટીમ પાછી ખેંચી લીધી હતી. વર્ષોથી આ અંગે ઘણી ચર્ચાઓ થઈ રહી છે, જેમાં સૌથી વધુ ચર્ચા એ હતી કે ભારતીય ખેલાડીઓ ખુલ્લા પગે ફૂટબોલ રમવા માંગતા હતા અને ફિફાએ આને મંજૂરી આપી ન હતી. વરિષ્ઠ રમતગમત પત્રકાર જયદીપ બાસુનું તાજેતરનું પુસ્તક પણ આ કારણને ખૂબ વિશ્વસનીય માનતું નથી. જયદીપ બાસુનું સંપાદિત પુસ્તક 'બોક્સ ટુ બોક્સ: ૭૫ યર્સ ઓફ ધ ઇન્ડિયન ફૂટબોલ ટીમ' કહે છે કે ભારતીય ખેલાડીઓને ખુલ્લા પગે રમવા સામે ફિફાનો વાંધો ઉઠાવવાનો કોઈ પ્રશ્ન જ નહોતો. લંડન ઓલિમ્પિકમાં ભાગ લેનારાં સાત-આઠ ખેલાડીઓની ટ્રાવેલ બેગમાં સ્પાઇક બૂટ રાખવામાં આવ્યા હતા અને તે ખેલાડીઓની પસંદગીનો વિષય હતો. આ સમયે ફૂટબોલના ખેલાડીઓ પગમાં જાડા પાટા બાંધીને રમવાનું પસંદ કરતા હતા.

ભારત દ્વારા વર્લ્ડ કપમાં ભાગ લેવાનો ઇનકાર કરવાનું એક કારણ આર્થિક હોવાનું માનવામાં આવે છે. જયદીપ બાસુએ તેમના પુસ્તકમાં ઉલ્લેખ કર્યો છે કે બ્રાઝિલ જવા માટે ટીમના ખર્ચનો મુદ્દો હતો, પરંતુ તેનો ઉકેલ મળી ગયો હતો. તે સમયે ભારતનાં ત્રણ રાજ્ય-સ્તરીય ફૂટબોલ સંગઠનોએ ખર્ચ વહેંચવાનું વચન આપ્યું હતું. એટલું જ નહીં, નોવી કાપડિયાએ તેમના પુસ્તકમાં ઉલ્લેખ કર્યો છે કે માર્ચ અને એપ્રિલ મહિનામાં બ્રાઝિલે ભારતીય ફૂટબોલ એસોસીએશનનો સંપર્ક કર્યો હતો અને ટીમનો મોટા ભાગનો ખર્ચ ચૂકવવાનું વચન આપ્યું હતું. નોવી કાપડિયાના પુસ્તક મુજબ બ્રાઝિલના આત્મવિશ્વાસનાં બે કારણો હતાં : એક, સ્કોટલેન્ડ, ફ્રાન્સ, તુર્કી અને ચેકોસ્લોવાકિયાની ટીમોએ પણ ફૂટબોલ વર્લ્ડ કપમાંથી પોતાનાં નામ પાછાં ખેંચી લીધાં હતાં અને બીજું, બ્રાઝિલ ઇચ્છતું હતું કે મહાત્મા ગાંધી અને નેહરુના દેશની ટીમ બ્રાઝિલમાં ફૂટબોલ રમે.

જયદીપ બાસુના પુસ્તક મુજબ ભારતે ૧૬ મે, ૧૯૫૦ ના રોજ વર્લ્ડ કપ માટે પોતાની ટીમની જાહેરાત કરી હતી. ભારતના પ્રસ્તાવિત સમયપત્રક મુજબ, ટીમ ૧૫ જૂને બ્રાઝિલ જવા રવાના થવાની હતી અને ભારતની પહેલી મેચ ૨૫ જૂને પેરાગ્વે સામે રમવાની હતી. પરંતુ આ પછી જે બન્યું, જયદીપ બાસુ તેને ભારતીય ફૂટબોલ જગતનું સૌથી મોટું રહસ્ય કહે છે, જેનો કોઈ ઉકેલ મળ્યો નથી. જો કે, નોવી કાપડિયા અને જયદીપ બાસુનાં પુસ્તકો દર્શાવે છે કે તે યુગના ભારતીય ફૂટબોલ ખેલાડીઓ કે ફૂટબોલ અધિકારીઓ આ પ્રસંગનું મહત્ત્વ સમજી શક્યા ન હતા.

એવું પણ લાગે છે કે ભારતીય અધિકારીઓએ નિયમોની જાણકારીના અભાવે આવો નિર્ણય લીધો હશે. વર્લ્ડ કપ ફૂટબોલમાં ભાગ લેનારાં ભારતીય ખેલાડીઓને તે સમયે વ્યાવસાયિક ખેલાડીઓનો ટેગ આપવામાં આવ્યો હતો. ખેલાડીઓના વ્યાવસાયિક દરજ્જાને કારણે તેમને ઓલિમ્પિક અને એશિયન ગેમ્સમાં ભાગ લેવાની મંજૂરી નહોતી, કારણ કે તે દિવસોમાં આ ટુર્નામેન્ટમાં એમેચ્યોર ખેલાડીઓ જ રમતાં હતાં. આ નિયમને ટાળવાના રસ્તાઓ હતા. જેમ કે હંગેરી, રશિયા અને અન્ય સમાજવાદી દેશોએ વર્લ્ડ કપ ફૂટબોલમાં ભાગ લેનારાં ખેલાડીઓને લશ્કરના સભ્યો તરીકે જાહેર કર્યા હતા અને દાવો કર્યો હતો કે લશ્કરી સભ્યો વ્યાવસાયિક ન હોઈ શકે. કદાચ તે સમયે ભારતીય અધિકારીઓ પાસે આટલી બધી માહિતી નહોતી. એ શક્ય છે કે ભારતીય ફૂટબોલ એસોસીએશને એશિયન ગેમ્સ અને ઓલિમ્પિક ગેમ્સમાં ભાગ લેવાથી બાકાત રહેવાના ડરને કારણે ૧૯૫૦ના વર્લ્ડ કપમાં ભાગ ન લેવાનો નિર્ણય લીધો હોય. આ નિર્ણય એક એવી ભૂલ સાબિત થયો, જેનો ડંખ છેલ્લાં ૭૬ વર્ષથી ભારતનાં રમતપ્રેમીઓને સતાવી રહ્યો છે. દર ચાર વર્ષે યોજાતા વર્લ્ડ કપ ફૂટબોલ દરમિયાન આ પીડા વધુ તીવ્ર બની જાય છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ઓલ ઇન્ડિયા ફૂટબોલ ફેડરેશન દ્વારા આપવામાં આવેલા કારણ મુજબ ટીમની પસંદગી પર મતભેદ અને પ્રેક્ટિસ માટે પૂરતા સમયના અભાવને કારણે ટીમ પાછી ખેંચી લીધી હતી

NEET-UG 2026માં રફ કામ માટે વધુ જગ્યા, પરીક્ષાનો સમય વધારાયો

પેપર લખવા માટેના સમયમાં ૧૫ મીનિટનો વધારો કરાયો, સહી કરવા જેવી વિધિઓમાં સમય જતો હોવાથી ભરાયેલું પગલું

કાચી ગણતરીઓ માટે હવે બુકલેટમાં બેને બદલે ચાર પાના અપાશે, ડાબોડી ઉમેદવારો માટે રફ પાનાની ગોઠવણીમાં ફેરફાર

નવી દિલ્હી, તા. ૧૨(PTI): નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા શુક્રવારે NEET(UG)-૨૦૨૬ માટે વિદ્યાર્થીલક્ષી સંખ્યાબંધ પગલાંની જાહેરાત કરવામાં આવી છે, જેમાં રફ કામ (કાચી ગણતરી) માટે વધારાની જગ્યા અને પરીક્ષાના સમયગાળામાં વધારાનો સમાવેશ થાય છે. આ મેડિકલ પ્રવેશ પરીક્ષા ૨૧ જૂનના રોજ યોજાવાની નક્કી થઈ છે.

NTAના જણાવ્યા અનુસાર, પરીક્ષા બપોરે ૨:૦૦ વાગ્યાથી સાંજના ૫:૧૫ વાગ્યા સુધી લેવામાં આવશે, જે કુલ ૧૯૫ મિનિટનો સમય આપશે. આમ, પરીક્ષાના સમયગાળામાં ૧૫ મિનિટનો વધારો કરવામાં આવ્યો છે. એજન્સીએ જણાવ્યું હતું કે, આ સમય પરીક્ષાની શરૂઆતમાં અને અંતમાં થતી સુપરવિઝનની ઔપચારિકતાઓ, જેમ કે હસ્તાક્ષર કરવાની પ્રક્રિયાઓને ધ્યાનમાં રાખીને નક્કી કરાયો છે, કારણ કે અગાઉ ઉમેદવારોને લાગતું હતું કે આ પ્રક્રિયાઓને લીધે તેમનો લખવાનો મુખ્ય સમય ઘટી જતો હતો. NTA દ્વારા પ્રશ્નપત્રની પુસ્તિકા (બુકલેટ)માં રફ કામ માટે આપવામાં આવતા પાનાની સંખ્યા પણ બે થી વધારીને ચાર કરી દેવામાં આવી છે, જેથી ઉમેદવારોને ગણતરી અને તાર્કિક પ્રશ્નો ઉકેલવા માટે વધારાની જગ્યા મળી રહે. એજન્સીએ જણાવ્યું કે, ઉમેદવારો આ હેતુ માટે બુકલેટની શરૂઆતમાં અને અંતમાં આપવામાં આવેલા રફ કામના પાનાનો ઉપયોગ કરી શકે છે.

બ્રોડકાસ્ટિંગ સેવાઓ માટે એક સમાન નિયમનકારી માળખાની દરખાસ્ત

ટીવી-રેડિયો માટે 'એક સમાન' કાયદો

પ્રસારણ માટેના નવા નિયમો જાહેર કરવામાં આવ્યા

હવે ખાનગી રેડિયો સેવાઓએ પણ રાષ્ટ્રીય મહત્વના સામાજીક હિતના વિષયો પરના કાર્યક્રમો ફરજિયાત પ્રસારિત કરવા પડશે

ટીવી ચેનલોએ રોજની ૩૦ મિનિટ જ્યારે રેડિયો ચેનલોએ રોજનો એક કલાક આવા પ્રસારણો માટે ફાળવવો પડશે

આ વિષયો પરની સામગ્રી ટીવી-રેડિયો પર પ્રસારિત કરવી પડશે

હાલના નિયમોમાં સૂચવવામાં આવેલા સામગ્રીના વિષયો - શિક્ષણ અને સાક્ષરતાનો પ્રસાર; કૃષિ અને ગ્રામીણ વિકાસ; આરોગ્ય અને પરિવાર કલ્યાણ; વિજ્ઞાન અને ટેકનોલોજી; મહિલા કલ્યાણ; સમાજના નબળા વર્ગોનું કલ્યાણ; પર્યાવરણ અને સાંસ્કૃતિક વારસાનું રક્ષણ; અને રાષ્ટ્રીય એકતા - આ ડ્રાફ્ટમાં પણ યથાવત રાખવામાં આવ્યા છે. આ જવાબદારીમાંથી કેટલીક એવી શ્રેણીઓને મુક્તિ આપવામાં આવશે જ્યાં નિયમોનું પાલન કરવું વ્યવહારિક રીતે શક્ય ન હોય, તેમ ડ્રાફ્ટ કહે છે.

નવી દિલ્હી, તા. ૧૨(પીટીઆઈ): કેન્દ્ર સરકારે ટેલિવિઝન અને રેડિયો બ્રોડકાસ્ટિંગ સેવાઓ માટે એક સમાન નિયમનકારી માળખાની દરખાસ્ત કરી છે, જેમાં રાષ્ટ્રીય મહત્વ અને સામાજિક સુસંગતતાના વિષયો પર કાર્યક્રમો પ્રસારિત કરવાની જવાબદારી ટીવી ચેનલોથી લંબાવીને ખાનગી રેડિયો સેવાઓ પર પણ લાગુ કરવામાં આવી છે.

માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા શુક્રવારે જાહેર કરવામાં આવેલા ડ્રાફ્ટ ટેલિકોમ્યુનિકેશન્સ (ટેલિવિઝન, રેડિયો અને સંકલિત સેવાઓ) નિયમો, ૨૦૨૬માં જણાવવામાં આવ્યું છે કે, જ્યારે ટીવી ચેનલોએ સવારે ૬ થી રાતના ૧૧ વાગ્યાની વચ્ચે દરરોજ ઓછામાં ઓછી ૩૦ મિનિટ માટે આવા વિષયો પર સામગ્રી પ્રસારિત કરશે, ત્યારે રેડિયો સ્ટેશનોએ દરરોજ આ જ હેતુ માટે એક કલાકનો સમય ફાળવવો પડશે.

પેજ 3

કાલા હિરણ ફિલ્મ સામે સલમાન કોર્ટમાં

નવી દિલ્હી, તા. 12: બોલિવૂડ અભિનેતા સલમાન ખાને તેની સાથે જોડાયેલા કથિત કાળા હરણ શિકાર કેસ પર આધારિત હોવાનું કહેવાતી ફિલ્મ 'કાળા હિરણ: ધ બેટલ ફોર લીગલ'ના રિલીઝ પર રોક લગાવવાની માગ સાથે દિલ્હી હાઈકોર્ટનો દરવાજો ખટખટાવ્યો છે. અભિનેતાનો દાવો છે કે ફિલ્મ તેમના વ્યક્તિત્વ અને છબીના અધિકારોનું ઉલ્લંઘન કરે છે. ફિલ્મના પોસ્ટર અને ટ્રેલરમાં મુખ્ય પાત્રનો દેખાવ, પહેરવેશ અને હાથમાં પહેરેલું બ્રેસલેટ તેમની સાથે મળતું આવે છે. સલમાને અરજીમાં જણાવ્યું છે કે ત્રણ કેસોમાં તેઓ નિર્દોષ જાહેર થઈ ચૂક્યા છે અને ફિલ્મ ખોટી છાપ ઊભી કરે છે. દિલ્હી હાઈકોર્ટે ફિલ્મના નિર્માતાઓને નોટિસ પાઠવી 19 જૂને સુનાવણી નક્કી કરી છે.

કૃતિ સેનનના પરિવારે ચાર ફ્લેટ વેચી 107 ટકા નફો મેળવ્યો



મુંબઈ, તા. 12: - બોલિવૂડ અભિનેત્રી કૃતિ સેનન, તેની બહેન નુપુર સેનન અને માતા ગીતા સેનને મુંબઈના અંધેરી પશ્ચિમ વિસ્તારમાં આવેલી ચાર રહેણાંક ફ્લેટ્સ વેચીને અંદાજે 107 ટકા નફો મેળવ્યો છે. પરિવારએ આ ચારેય ફ્લેટ્સ કુલ રૂ. રૂ.8.88 કરોડમાં વેચ્યા છે. ગીતા સેનને 2013માં બે ફ્લેટ્સ રૂ.1.40 કરોડમાં ખરીદ્યા હતા, જ્યારે કૃતિ અને નૂપુરે 2017માં અન્ય બે ફ્લેટ્સ રૂ.2.90 કરોડમાં લીધા હતા. વર્ષો સુધી મિલકત રાખ્યા બાદ હવે તમામ ફ્લેટ્સ વેચી દેવામાં આવ્યા છે. જેમાં બે મોટા ફ્લેટ્સ રૂ.3.23 કરોડના ભાવે અને અન્ય બે ફ્લેટ્સ રૂ.1.21 કરોડના ભાવે વેચાયા હોવાનું દસ્તાવેજોમાં નોંધાયું છે. આ સોદો રિયલ એસ્ટેટ રોકાણ પર મળેલા આકર્ષક વળતરને લઈને ચર્ચામાં છે.

RAJHANS ગોપીતળાવ નવસારી બજાર, સુરત

(હિન્દી) વિક્રમભટ્ટનું હોરર સસ્પેન્સ

હોન્ટેડ ૯.૪૫, ૧૧.૧૫, ૨.૦૦, ૪.૪૫, ૭.૨૦, રાત્રે ૧૦.૦૦

હે જવાની તો ઈશ્ક હોના હૈ ૧૨.૧૫, ૫.૧૫, રાત્રે ૧૦.૧૫

ગવર્નર ૩.૦૦, રાત્રે ૮.૦૦

ભારત ભાગ્ય વિધાતા હિન્દી ૧૨.૪૫

બધુ ઓલરાઈટ છે ગુજરાતી ૬.૪૫

પેદ્દી ૩.૧૫, રાત્રે ૯.૪૫

થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

APPLE CINEMA ★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર

રૂફ્રી માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. ☎: 99984 46007

Book Tickets Now from : bookmyshow.com paytm @applecinemasurat

ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.

કંગના રાણોતનો શ્રેષ્ઠ અભિનય ભારત ભાગ્ય વિધાતા ૯.૦૦, ૧૨.૦૦, ૨.૧૫, ૪.૧૫, રાત્રે: ૮.૩૦

ગુજરાતી, સંપૂર્ણ મસાલા ફિલ્મ બધુ ઓલરાઈટ છે ૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૩૦, ૨.૨૦, ૩.૩૦, ૬.૪૦, રાત્રે: ૯.૩૫, ૧૦.૦૦

હિન્દી પારિવારીક ફિલ્મ મૈં વાપસ આઉંગા ૯.૦૦, ૧૦.૧૫, ૩.૩૦, ૬.૩૦, રાત્રે: ૯.૩૦

મનોજ બાજપાઈનો શ્રેષ્ઠ અભિનય ગવર્નર ૯.૧૦, ૧૨.૦૦, ૨.૦૦ ૫.૧૫, રાત્રે: ૧૦.૩૦, ૧૧.૦૦

પેદ્દી ૯.૦૦, ૧.૨૦, ૨.૩૦, ૬.૩૦, રાત્રે: ૧૦.૦૦

બંદર ૭.૧૫

હે જવાની તો ઈશ્ક હોના હૈ ૯.૦૦, ૧.૦૦, ૨.૪૫, ૪.૪૫, ૬.૦૦, રાત્રે: ૯.૪૫

હિન્દી હોરર થ્રીલર હોન્ટેડ ૯.૪૫, ૧૧.૩૦, ૪.૫૦, ૭.૩૦, રાત્રે: ૧૦.૦૦

શુભ મંગલ ધમાલ ગુજરાતી : ૭.૧૫

ઘરપકડ ગુજરાતી ૧૨.૧૫, રાત્રે: ૮.૧૦

જીંદગી તો હજી બાકી છે દોસ્ત ગુજરાતી : ૫.૧૫

કૃષ્ણાવતારમ-1 (હિન્દી) સવારે:૧૧.૨૫

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

છીપવાડ શાખા : ઘર નં.૮/૧૯૩૯, ગોવિંદજી મંદિર સામે, છીપવાડ, સુરત–૩૯૫૦૦૨ email : chhipw@bankofbaroda.com

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે) [સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ,૨૦૦૨ના [રૂલ ૮(૧)] હેઠળ

નીચે સહી કરનાર બેંક ઓફ બરોડા, ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તા.૦૨.૦૩.૨૦૨૬ ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/જામીનદાર મેસર્સ સ્વેતા જરી ટ્રેડર્સ શ્રીમતી સ્વેતા પ્રશાંત જરીવાલા (દેવાદાર), શ્રીમતી મનુબેન લક્ષ્મીચંદ જરીવાલા (જામીનદાર અને ગીરવેદાર) અને શ્રી કનૈયાલાલ લક્ષ્મીચંદ જરીવાલા (જામીનદાર અને ગીરવેદાર) ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ રૂ.૪૨,૧૯,૩૧૧.૨૨/– (અંકે રૂપિયા બેતાલીસ લાખ ઓગણીસ હજાર ત્રણસો અગિયાર અને બાવીસ પૈસા પુરા) વત્તા વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર તા.૧૧ મી જુન ૨૦૨૬ ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે બેંક ઓફ બરોડા,ની રકમ રૂ.૪૨,૧૯,૩૧૧.૨૨ વત્તા તેના પરનું વ્યાજ અને અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

૧. તમામ ભાગા હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે સર્વે નોંધ નં. ૧૯૮૦/૧, માપ ૭૫.૨૫.૧૭ ચો.મી બાંધકામ સાથે માપ ૮૦.૩૬ ચો.મી, જે કનૈયાલાલ લક્ષ્મીચંદ્ર ની આવેલ છે.

૨. તમામ ભાગા હિસ્સો ધરાવતી મિલકત કે જે સીટી સર્વે નોંધ નં. ૧૯૮૨, માપ ૪૫.૧૫.૧૦ ચો.મી બાંધકામ સાથે માપ ૨૫૦.૨૦ ચો.મી, મનુબેન લક્ષ્મીચંદ્રદાસ અને કનૈયાલાલ લક્ષ્મીચંદ્રદાસ ની આવેલ છે.

૩. તમામ ભાગા હિસ્સો ધરાવતી મિલકત કે જે સીટી સર્વે નોંધ નં. ૧૯૮૩, માપ ૫૪.૩૪.૮૪ ચો.મી બાંધકામ સાથે માપ ૧૧૩.૧૪ ચો.મી, જેનો વોર્ડ નં. ૮, શેતાન ફળીયુ, ગોપીપુરા, સુરત ખાતે મનુ લક્ષ્મીચંદ્રદાસ ની આવેલ છે.

તા.૧૧.૦૬.૨૦૨૬ । સ્થળ : સુરત અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, છીપવાડ શાખા.

"Save Energy For Benefit Of Self & Nation"

DGVCL

દક્ષીણ ગુજરાત વીજ કંપની લીમીટેડ.

CIN U40102GJ2003SGC042909

વ્યારા વિભાગીય કચેરી (સં અને નિ)

દ્દ કેવી કમ્પાઉન્ડ. એન.એચ દ્ ધુલિયા રોડ, વ્યારા, જીલ્લોઃ તાપી, પીનકોડ-૩૯૪૬૫૦

Vyara, Dist-Tapi, Pin: 394650 ઇમેલ આઈડી- Do.vyara@gebmail.com

વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેર સુચના

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે જેટકો અને ડી.જી.વી.સી.એલ દ્વારા ૧૧ કેવી લાઇનનું જરૂરી સમારકામ કરવાનું હોવાથી નીચે જણાવેલ તારીખ તથા સમયે તે સબસ્ટેશન માંથી ફીડર પરથી વીજ પુરવઠો મળી શકશે નહીં.

ક્રમ	સબ-સ્ટેશન	ફીડર	સબ ડીવીઝન	ફોલ્ટ સેન્ટર નં	તારીખ/વાર	સમય
૧	૬૬ કેવી જામખડી	૧૧ કેવી લવચાલી જેજીવાય ૧૧ કેવી મેઢા એજી	સોનગઢ	૧૯૧૨૩	૧૫.૦૬.૨૦૨૬/સોમવાર	૦૮:૦૦થી૧૬:૦૦
૨	૬૬ કેવી ટાપરવાડા	૧૧ કેવી ઘનમૌલી એજી	સોનગઢ	૧૯૧૨૩	૧૫.૦૬.૨૦૨૬/સોમવાર	૦૮:૦૦થી૧૬:૦૦
૩	૬૬ કેવી કપડવણ	૧૧ કેવી આંબાપાણી જેજીવાય ૧૧ કેવી કેલવણ એજી	કપુરા	૧૯૧૨૩	૧૫.૦૬.૨૦૨૬/સોમવાર	૦૭:૦૦થી૧૫:૦૦
૪	૬૬ કેવી જામખડી	૧૧ કેવી ચીમકુવા જેજીવાય ૧૧ કેવી હીરાવાડી એજી	સોનગઢ	૧૯૧૨૩	૧૬.૦૬.૨૦૨૬/મંગળવાર	૦૮:૦૦થી૧૬:૦૦
૫	૬૬ કેવી ટાપરવાડા	૧૧ કેવી દરડી જેજીવાય ૧૧ કેવી મસાણપાડા એજી	સોનગઢ	૧૯૧૨૩	૧૬.૦૬.૨૦૨૬/મંગળવાર	૦૮:૦૦થી૧૬:૦૦
૬	૬૬ કેવી ગાળકુવા	૧૧ કેવી ગાળકુવા જેજીવાય ૧૧ કેવી બંધરપાડા એજી ૧૧ કેવી જુનવાણ એજી	કપુરા	૧૯૧૨૩	૧૬.૦૬.૨૦૨૬/મંગળવાર	૦૭:૦૦થી૧૫:૦૦
૭	૬૬ કેવી વ્યારા	૧૧ કેવી યોગીનગર જેજીવાય ૧૧ કેવી નાગદેવ એજી	વ્યારા ગ્રામ્ય	૧૯૧૨૩	૧૬.૦૬.૨૦૨૬/મંગળવાર	૦૭:૦૦થી૧૫:૦૦
૮	૬૬ કેવી ડોલવણ	૧૧ કેવી પાટી જેજીવાય ૧૧ કેવી પંચોલ એજી	ડોલવણ	૧૯૧૨૩	૧૬.૦૬.૨૦૨૬/મંગળવાર	૦૯:૦૦થી૧૭:૦૦
૯	૬૬ કેવી પાઠકવાડી	૧૧ કેવી પાઠકવાડી જેજીવાય ૧૧ કેવી ગારપણી એજી ૧૧ કેવી વરજાખણ એજી	ડોલવણ	૧૯૧૨૩	૧૭.૦૬.૨૦૨૬/બુધવાર	૦૯:૦૦થી૧૭:૦૦
૧૦	૬૬ કેવી ચિખલી ભેંસરોટ	૧૧ કેવી સાદડવણ જેજીવાય ૧૧ કેવી વાઘપાણી એજી	વ્યારા ગ્રામ્ય	૧૯૧૨૩	૧૭.૦૬.૨૦૨૬/બુધવાર	૦૭:૦૦થી૧૫:૦૦
૧૧	૬૬ કેવી મગરકુઈ	૧૧ કેવી મદાવ જેજીવાય ૧૧ કેવી ચીખલદા એજી	કપુરા	૧૯૧૨૩	૧૭.૦૬.૨૦૨૬/બુધવાર	૦૭:૦૦થી૧૫:૦૦
૧૨	૬૬ કેવી વડપાડા પ્ર ઉમરદા	૧૧ કેવી ટેમકા જેજીવાય ૧૧ કેવી ગુનખડી એજી	સોનગઢ	૧૯૧૨૩	૧૭.૦૬.૨૦૨૬/બુધવાર	૦૮:૦૦થી૧૬:૦૦
૧૩	૬૬ કેવી મલંગદેવ	૧૧ કેવી ચીમેર જેજીવાય ૧૧ કેવી મલંગદેવ એજી ૧૧ કેવી રાસમતી જેજીવાય	સોનગઢ	૧૯૧૨૩	૧૭.૦૬.૨૦૨૬/બુધવાર	૦૮:૦૦થી૧૬:૦૦
૧૪	૬૬ કેવી નારણપુર	૧૧ કેવી ફૂલઉમરણ જેજીવાય ૧૧ કેવી કરોડ એજી ૧૧ કેવી કાચલી એજી	ઉચ્છલ	૧૯૧૨૩	૧૭.૦૬.૨૦૨૬/બુધવાર	૦૮:૦૦થી૧૫:૦૦

નોંધ: કામ પૂર્ણ થયા બાદ કોઈપણ જાતની જાણ કર્યા સિવાય વીજ પુરવઠો ચાલુ કરવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે

કાર્યપાલક ઇજનેર (સં.અને નિ) વ્યારા વિભાગીય કચેરી, દ.ગુ.વિ.કં.લિ

એમ.સી.બી./ઈ.એલ.સી.બી/આર સી સી બી લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.

ફક્ત રૂ. ૮૦/- થી શરૂ

વિક્રમભટ્ટનું હોરર સસ્પેન્સ હિન્દી થ્રીલર



હોન્ટેડ ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦

જબરજસ્ત એક્શન થ્રીલર

પેદ્દી રામચરણ જાન્હવી કપુર કૃતિ સેનન ૧૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૨૦

RUPAM CINEMA

એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

પારસી શેરી શાખા : ખાંડવાલા શેરી, બરાનપુરી ભાગળ પાસે, સુરત–૩૯૫૦૦૩ ૨૪૨૪૦૧૬. Email : parsis@bankofbaroda.co.in

કબજા નોટીસ (કલમ ૧૩(૪)(સ્થાયી મિલકત માટે) (સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨ રૂલ ૮(૧) હેઠળ

નીચે સહી કરનાર બેંક ઓફ બરોડા ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨(૫૪ ના ૨૦૦૨) અને તેમને આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તા.૦૨.૦૩.૨૦૨૬ ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર / જામીનદાર મેસર્સ ઉમીયા ટીમ્બર માર્ટ, શ્રી મહેશભાઈ જશરાજભાઈ પટેલ (ભાગીદાર અને જામીનદાર), શ્રી સુરેશભાઈ જશરાજભાઈ પટેલ (ભાગીદાર અને જામીનદાર), શ્રી ભાવીન મહેશભાઈ પટેલ (જામીનદાર) ને નોટીસમાં દર્શાવેલ રકમ રૂા.૭૪,૯૦,૦૬૭.૫૩ (અંકે રૂા. ચુમ્મોતેર લાખ નેવુ હજાર સડસઠ અને ત્રેપન પૈસા પુરા) વત્તા વ્યાજ અને અન્ય ચાર્જીસ આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા ૧૩ની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તા.૧૧મી જુન ૨૦૨૬ ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે બેંક ઓફ બરોડા ની રકમ રૂા.૭૪,૯૦,૦૬૭.૫૩ તા.૦૨.૦૩.૨૦૨૬ ના રોજ વ્યાજ સહિત વત્તા પેનલ વ્યાજ ને આધીન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

પ્રાથમિક સુવિધા : ૧. હાઈપોથીકેશન પ્લાન્ટ અને મશીનરી, સ્ટોક અને અસ્થાયી ફેક્ટરીની જગ્યા અને બુક ડેબ્ટ પહોળો કમ્પોઝ હાઈપોથીકેશન ના કરાર ની તા. ૧૩.૦૩.૨૦૧૮

સમાંતર સુવિધા : ૨. તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મીલકત ખાનગી ખુલ્લો પ્લોટ નં. ૧ માપ આશરે ૧૨૬૫ ચો.મી, મોજે ગામ. બગુમરા ખાતે જમીન બ્લોક નં. ૧૮૯, સર્વે નં. ૧૪૫/૧, ૧/૧૯૬ પૈકી મોજે ગામ. બગુમરા, સબ ડિસ્ટ્રીક્ટ. પલસાણા, જી.સુરત ખાતે શ્રી મહેશભાઈ જશરાજભાઈ પટેલ અને શ્રી સુરેશભાઈ જશરાજભાઈ પટેલ ના નામે આવેલ છે.

તા. ૧૧.૦૬.૨૦૨૬ । સ્થળ : સુરત અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, પારસી શેરી શાખા.

पंजाब नैशनल बैंक ...भरोसे का प्रतीक ! punjab national bank ...the name you can BANK upon !

મોટા વરાછા શાખા : દુકાન નં. ૧ થી ૬ ધારા આર્કેડ, સ્વામીનારાયણમંદિર નજીક, મહાદેવ ચોક, મોટાવરાછા, સુરત– ૩૯૪૧૦૧ Email : bo9727@pnb.bank.in

પરિશિષ્ટ–૪ [જુઓ રૂલ ૮(૧)] કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

આથી નીચે સહી કરનાર પંજાબ નેશનલ બેંક, ના અધિકૃત અધિકારીએ સિક્યોરાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨(૫૪ ના ૨૦૦૨) અને આ ધારા ૧૩(૧૨) સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના (રૂલ ૩) સાથે વંચાણે લઈ તા.૦૭.૦૩.૨૦૨૬ ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદારો/ગીરવેદાર શ્રી દિનેશકુમાર રામસીરોમન મિશ્રા (દેવાદાર/ગીરવેદાર) અને શ્રીમતી સવિતાદેવી દિનેશકુમાર મિશ્રા (સહ દેવાદાર/ગીરવેદાર) અને શ્રી અશોકકુમાર ત્રિભુવન મિશ્રા (જામીનદાર) ને નોટીસમાં દર્શાવેલ રકમ રૂા.૧૪,૩૨,૩૩૬.૨૧/– (અંકે રૂા.ચૌદ લાખ બત્રીસ હજાર ત્રણસો છત્રીસ અને એકવીસ પૈસા પુરા) તા.૦૬/૦૩/૨૦૨૬ ના રોજ માસિક વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ અને ખર્ચાઓ આ નોટીસ /તારીખ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદારો આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદાર/જામીનદાર/ગીરવેદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે આ ધારા ૧૩(૪) આ ધારાના રૂલ ૮ સાથે સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ વંચાણે લઈ તા. ૧૨મી જુન ૨૦૨૬ ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.

આથી વિગતમાં દર્શાવેલ દેવાદારો/ગીરવેદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહિં અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો પંજાબ નેશનલ બેંકની બાકી રકમ રૂા.૧૪,૩૨,૩૩૬.૨૧/– (અંકે રૂા.ચૌદ લાખ બત્રીસ હજાર ત્રણસો છત્રીસ અને એકવીસ પૈસા પુરા) તા.૦૬/૦૩/૨૦૨૬ ના રોજના અને તેના ઉપરનું વ્યાજ ને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે 'સ્વસ્તીક પાર્ક વિભાગ–૧' નામે જાણીતી હાઉસીંગ સોસાયટી નો પ્લોટ નં. ૮૧, (કેજેપી દુરસ્તી મુજબ બ્લોક નં. ૩૮–૮૧) સાઈડ મુજબ માપ એરીયા ૫૩.૩૩ ચો.વાર એટલે કે ૪૪.૬૦ ચો.મીટર બરાબર, અને પાસ થયેલ પ્લાન મુજબ ૪૪.૬૨ ચો.મીટર, ૩૪.૦૦ ચો.મીટર ના કોમન રોડ અને સીઓપી ના પ્રમાણસર વણવહેચાયેલ હિસ્સા સહિત તેના પર જોડાયેલ જોડાણ સહિત રેવન્યુ બ્લોક નં. ૩૩ (જુનો સર્વે નં. ૫૧૩) અને રેવન્યુ સર્વે નવો બ્લોક નં. ૩૮ મોજે ગામ હલદરૂ, તાલુકા કામરેજ, જીલ્લા સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : પૂર્વ તરફ : પ્લોટ નં.૮૪, પશ્ચિમ તરફ : રોડ, ઉત્તર તરફ : પ્લોટ નં.૮૦, દક્ષિણ તરફ : પ્લોટ નં.૮૨

તારીખ : ૧૨.૦૬.૨૦૨૬ । સ્થળ : સુરત અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક